પાલનપુર હાઈવે પર તિબેટીયન માર્કેટ નગરપાલિકાએ બંધ કરાવ્યું

ટ્રાફિક સમસ્યાને લઇ બંધ કરાવતા તિબેટીયન લોકો કલેક્ટર કચેરી પહોંચ્યા

પાલનપુર

પાલનપુર હાઈવે નજીક ગરમ વસ્ત્રો માટે લગાવવામાં આવેલ તિબેટીયન માર્કેટ આજે

નગરપાલિકા અને પી. ડબલ્યુ. ડીની ટીમ દ્વારા ટ્રાફિક સમસ્યાને લઇ બંધ કરાવવામાં આવતાં તિબેટીયન લોકો કલેક્ટર કચેરી પહોંચ્યા હતા.

પાલનપુર હાઈવે સર્કલ પર વકરતી જતી ટ્રાફિકની સમસ્યાને નાથવા છેલ્લા એક સપ્તાહથી ટ્રાફિક દબાણ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં એરોમા સર્કલ ઉપર તેમજ આસપાસના દબાણો દૂર કરીને ટ્રાફિક સમસ્યા હળવી કરવા માટે પ્રયાસ હાથ ધરાયા છે. જેમાં પાલનપુર નગરપાલિકા દ્વારા આજે ટ્રાફિક દબાણ ઝુંબેશ દરમિયાન હાઈવે વિસ્તાર પર લગાવવામાં આવેલ તિબેટીયન માર્કેટ બંધ કરાવ્યું હતુ. હાઈવે પર ટ્રાફિક સમસ્યાને લઈ નગરપાલિકા અને પી.ડબ્લ્યુ.ડીના અધિકારીઓ દ્વારા તિબેટીયન માર્કેટ બંધ કરાવવામાં આવતા તિબેટીયન લોકો તેનો વિરોધ દર્શાવી કલેકટર કચેરી પહોંચ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, નગરપાલિકા દ્વારા દર વર્ષે ઉપરોક્ત માર્કેટને મંજૂરી આપી શિયાળાની ઋતુ દરમિયાન ઉપરોકત જગ્યા ફાળવવામાં આવતી હોય છે. જેને લઈ ટ્રાફિક સમસ્યા સર્વિસ રોડ પર પણ સર્જાય છે. ત્યારે આ વખતે તિબેટીયન માર્કેટને બંધ કરાવવામાં આવતા તિબેટીયન લોકો કલેક્ટર કચેરી પહોંચી રજૂઆત કરી હતી.

'સ્ટડી ઈન ગુજરાત' : રાજ્ય સરકારનું વધુ એક નક્કર કદમ

ગાંધીનગર, તા. ૨૪

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું છે કે, ગુજરાત આજે વિશ્વમાં એજ્યુકેશન હબ તરીકે પ્રસ્થાપિત બનીને દેશનું રોલ મોડલ પુરવાર થયું છે. ત્યારે ગુજરાતે ડિજીટલ નિર્માણ ક્ષેત્રે પણ અનેક નવતર આયામો હાથ ધર્યા છે. દેશ-વિદેશના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસક્રમની તકો મળી રહે અને એકજ પ્લેટફોર્મ પરથી માહિતી મળે તે માટે 'સ્ટડી ઈન ગુજરાત' અભિયાન હાથ ધર્યું છે.

'સ્ટડી ઈન ગુજરાત' કેમ્પેઈન અંતર્ગત **www.study.gujarat.gov.in** વેબસાઈટનું આજે ગાંધીનગર ખાતે શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ લોન્ચીંગ કર્યું હતું. આ કેમ્પેઈનમાં ભાગીદાર યુનિવર્સિટીઓ/સંસ્થાઓના રજિસ્ટ્રેશન માટે તથા અન્ય રાજ્યોના અને વિદેશના જે વિદ્યાર્થીઓ પ્રોફેશનલ તથા અન્ય ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક હોય તેવા વિદ્યાર્થીઓ એક જ પ્લેટફોર્મ પરથી અભ્યાસક્રમોની વિગતો મેળવવવા તથા પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન કરાવી શકે તે હેતુથી આ વેબ પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે.

રાજ્યના પ્રોફેશનલ તથા અન્ય ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ઉમેદવારોની સાપેક્ષે વધુ પ્રમાણમાં ઉપલબ્ધ રહેતી બેઠકોના પરિપેક્ષમાં આવી અગ્રગણ્ય સંસ્થાઓમાં સરપ્લસ ઉત્કૃષ્ટ સંસાધનોનો મહત્તમ ઉપયોગ કરી રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે 'એજ્યુકેશનલ હબ' તરીકે ગુજરાતની ઓળખ પ્રસ્થાપિત કરવાના આશયના ભાગરૂપે રાજ્યની પસંદગીની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અન્ય રાજ્યોના તથા વિદેશી તેજસ્વી વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે મોટી સંખ્યામાં પ્રવેશ મેળવે તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા **study in Gujarat campaign (SIG)** શરૂ કરવાનું આયોજન કરાયું છે.

ડીસામાં વાદળછાયા વાતાવરણ વચ્ચે ઠંડીમાં આંશિક ઘટાડો

તાપમાનનો પારો ૧૫.૪ ડીગ્રી

સમગ્ર રાજયમાં નલિયા બાદ બનાસકાંઠા જિલ્લાના ડીસામાં સૌથી વધુ ઠંડી પડે છે રેકોર્ડ બ્રેક ઠંડી અને ગરમીમાં ડીસા મોખરે રહ્યું છે ત્યારે છેલ્લા એકાદ અઠવાડિયાથી જામી રહેલી ઠંડીમાં એકાએક ઘટાડો થયો છે વાદળછાયા વાતાવરણ અને વરસાદની આગાહીના પગલે શહેરમાં છેલ્લા બે દિવસથી ઠંડીમાં ભારે ઘટાડો થવા પામ્યો છે ગત શુકવારે ઠંડીનો પારો ૯.૪ ડીગ્રીએ હતો તે મંગળવારે વધીને ૧૫.૪ ડીગ્રીએ પહોંચી જતા એકાએક લોકોને ગરમીનો અહેસાસ વર્તાવા લાગ્યો હતો જો કે રાત્રે ઠંડી અને દિવસે ગરમી એમ મિશ્ર ઋતુને લઈ વાઈરલ બીમારીઓમાં પણ નોંધપાત્ર વધારો થતાં તાવ શરદી જેવી બીમારીઓ પણ વધુ જોવા મળી રહી છે આ અંગે હવામાન વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે હાલમાં વાદળછાયું વાતાવરણ હોઈ ઠંડીમાં ઘટાડો જોવા મળી રહ્યો છે પણ આગામી બે દિવસ બાદ વાદળા વિખરાઈ જતા હજુ ઠંડીમાં વધારો થશે.

બનાસકાંઠાના રાષ્ટ્રવાદી સંગઠનો CAAના સમર્થનમાં આગળ આવ્યા

પાલનપુર ખાતે રેલી યોજી સરકારને અભિનંદન સહ આભાર વ્યક્ત કરાયો : સમાન સિવિલ કોડ, ધર્માંતરણ વિરોધી અને વસ્તી વધારા નિયંત્રણ કાયદો લાવવા માંગ

એકબાજુ દેશભરમાં નાગરિક સુધારા બિલનો વિરોધ થઈ રહ્યો છે. ત્યારે બીજીબાજુ સરહદી બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રવાદી નાગરિકો સહિતના હિન્દૂવાદી સંગઠનો ઝછમ્ના સમર્થનમાં આગળ આવ્યા છે.

કેન્દ્રની મોદી સરકારે ઝછમ્ બિલ પાસ કરતા દેશભરમાં અલ્પ સંખ્યકોને ભડકાવી રાજકીય પક્ષો હિંસક વિરોધ પર ઉતરી આવ્યા છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં હિન્દૂ સંગઠનો સહિતના રાષ્ટ્રવાદી સંગઠનો અને વિવિધ સામાજિક સંસ્થાઓ તેના સમર્થનમાં આવી છે. આજે રાષ્ટ્રવાદી નાગરિકોએ પાલનપુર ખાતે સ્વયંભૂ વિશાળ રેલી યોજી કલેકટર કચેરીએ પહોંચ્યા હતા. જયાં ત્રિપલ તલ્લાક, ૩૫-છ અને ૩૭૦ મી કલમ નાબુદી, જમ્મુ-કાશ્મીર પુનઃ ગઠન સહિતના રાષ્ટ્રીય હિતના વિધયેક પસાર કરવા બદલ અધિક કલેકટરના માધ્યમથી રાષ્ટ્રપતિને ઉદ્દેશીને લખાયેલા પત્રમાં સરકારને સમર્થન આપતા આભાર વ્યક્ત કરાયો હોવાનું સમુત્કર્ષ પરિવારના અગ્રણી ચંદ્રેશભાઈ ઠાકરે જણાવ્યું હતું.

આ પ્રસંગે રાષ્ટ્રીય નાગરિકતા રજીસ્ટર, સમાન નાગરિકતા કાયદો, વસ્તી નિયંત્રણ અને ધર્માંતરણ વિરોધી કાયદો પણ ઝડપથી ઘડવામાં આવે તેવી માંગ કરાઈ હતી. આ કાર્યક્રમમાં સમુત્કર્ષ પરિવારના નેજા તળે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ અને તેની ભગિની સંસ્થાઓ, ભગવા સ્વયં સેવક સંઘ, બનાસકાંઠા વેપારી મહામંડળ સહીત વિવિધ સામાજિક સંસ્થાઓ, સ્વૈચ્છીક સંસ્થાઓ, વિવિધ સમાજોના ઉપસ્થિત અગ્રણીઓ દ્વારા ઝછમ્ ને અનુમોદન આપતા સમર્થનપત્રો આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમને પગલે કેસરિયો માહોલ છવાઈ ગયો હતો.

ઍલઆરડી મહિલા ઉમેદવારો દ્વારા સરકારને ૨૪ કલાકનું અલ્ટીમેટમ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે છેલ્લા કેટલાક દિવસથી ન્યાયની માંગ સાથે એલઆરડી મહિલા ઉમેદવારો આંદોલન ચલાવી રહી છે. એલઆરડી મહિલાઓનું આંદોલન આક્રમક બનતુ જાય છે.મહિલા ઉમેદવારોએ રાજય સરકારને ૨૪ કલાકનું અલ્ટીમેટમ આપ્યું છે.

ન્યાય નહીં મળે તો વિધાનસભા સામે જ ધરણા પર બેસી જવાની ચિમકી ઉચ્ચારતા તંત્ર પણ સજાગ બની ગયું છે. આજે બપોરના સુમારે મહિલા ઉમેદવારોએ પોતાની માંગણીઓ અને અન્યાય કરતો ઠરાવ રદ કરવાની વાત મહેંદીમાં રજુ કરી હતી. સતત ૧૫ દિવસથી ચાલતા આંદોલન બાદ સરકાર તરફથી કોઈ હકારાત્મક પ્રતિભાવ ન મળતા આખરે એલઆરડી મહિલા ઉમેદવારોએ જણાવ્યું છે કે ૨૪ કલાકમાં સરકાર તરફથી તેઓને ન્યાય કે જવાબ નહી મળે તો ૨૪ કલાક બાદ તેઓ સત્યાગ્રહ છાવણીથી ઉભા થઈને વિધાનસભા સામે અડીંગા જમાવશે. જયારે આજે હાથમાં મહેંદી મુકીને સરકાર ૧-૮-૨૦૧૮ નો કાળો ઠરાવ રદ કરે અને બંધારણ મોટું છે કે સરકારનો પરિપત્ર તેનો જવાબ અમારે જોઈએ છીએ,જાગ ગયે, જાગ ગયે, એસસી, એસટી, ઓબીસી જાગ ગયે, સંવિધાન જીંદાબાદ, મહિલાઓનું રીઝલ્ટ રીસેટ કરો. સહિતની મહેંદી મુકીને ન્યાયીક માંગ કરી હતી.

પાલનપુર તાલુકાની પ્રાથમિક શાળાઓના આચાર્યોની બદલી રોકવા ગ્રામજનો મેદાને

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેન પાસે પાલનપુર તાલુકાના પ્રાથમિક શાળાના આચાર્યોની બદલી રોકવા ગ્રામજનો દોડી આવ્યા હતા.

પાલનપુર તાલુકાના ગામોમાં એચ ટાટ પાસ આચાર્યો ની બદલી કરી અન્ય સ્થળોએ મોકલતા સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

જેમાં પાલનપુર અને વડગામ તાલુકાના સામઢી, ટાકરવાડા, મેપડા સાગ્રોસણા સહિત અન્ય ગામના ગ્રામજનો પણ જિલ્લા પંચાયત ખાતે જીલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન લક્ષ્મીબેન કરેણને આવેદન પત્ર પાઠવી સરકારના આદેશ મુજબ જેટલા વિદ્યાર્થીઓની સંખ્યા હોવી જોઈએ એટલા વિદ્યાર્થીઓ નવા શૈક્ષણિક સત્રમાં કરવા અને હાલમાં

જિલ્લા પંચાયતના શિક્ષણ સમિતિના ચેરમેનને આવેદનપત્ર પાઠવી કરી રજૂઆત

બદલી ન કરવા રજુઆત કરી હતી અને કોઈ પણ સંજોગો માં મુખ્ય શિક્ષકો સહિત આચાર્યો ની બદલી ન કરવામાં આવે તેવી માંગણી કરી હતી. રજુઆત માટે મોટી સંખ્યામાં ગ્રામજનો દોડી આવ્યા હતા.

સ્વચ્છતા સર્વેક્ષણમાં પગરવ હોસ્પિટલ અગ્ર

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા કરાયેલા સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૧૯-૨૦ માં હોસ્પિટલ કેટેગરીમાં પગરવ હોસ્પિટલ સેકટર-૨ ૩ ને શહેરના મેયર દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. મેયર અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનના હસ્તે બહુમાન સ્વીકારતા હોસ્પિટલના ડિરેકટર ડો.વૈભવ પટેલ અને પ્રહર અંજારીયા નજરે પડે છે.

સે.૩ના યુવાનની છરી મારી હત્યા કરવાના કેસમાં આરોપીને આજીવન સખ્ત કેદની સજા

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં સે-૫ મહાકાળી મંદિર પાસે ગત વર્ષે પ્રમિકાનો ફોટો મોબાઈલમાં રાખી બીજાને બતાવવાની નજીવી બાબતે થયેલી યુવકની હત્યાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર સે-૩ સી માં પ્લોટ નં-૫૪૫ : ૨ ખાતે રહેતા જીગર કિરીટભાઈ ચૌહાણ અને સે-૪ સી માં પ્લોટ નં ૧૨૬૨ :૨ માં રહેતા આરોપી દિપક મગનભાઈ વાઘેલા બન્ને મિત્રો હતા. તા ૧૦ ડિસેમ્બર વર્ષ ૨૦૧૮ ના રોજ મહાકાળી મંદિર પાસે બન્ને વચ્ચે રાત્રિના સમયે ઝઘડો થયો હતો જેમાં પ્રેમિકનો ફોટો બીજાને બતાવવા બાબતે દિપકે પોતના મિત્ર જીગરને ચપ્પાના ઘા મારી હત્યા કરી હતી. આ અંગે મૃતકના દાદાની ફરિયાદના આધારે સે-૭ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાયો હતો. આ કેસ ગાંધીનગરની પ્રિન્સિપાલ ડીસ્ટ્રીકટ જજ આઈ જે વોરાની કોર્ટમાં ચાલી જતા બચાવ પક્ષે એવી દલીલ થઈ હતી કે દિપક તેમજ જીગરને કોઈ ત્રાહીત વ્યકિત છરાના ઘા મારી નાસી ગયો હતો. જયારે દિપકને પણ કાંડાના ભાગે ઈજા થઈ હતી. જયારે સરકારી વકીલ જીજ્ઞેશ જોષીએ દલીલ કરી હતી કે ત્રાહીત વ્યકિત એકને જીવલેણ તેમજ બીજાને માત્ર કાંડાના ભાગે ઈજાઓ પહોંચાડી નાસી જાય તેવુ માની શકાય નહીં. સાથેની વ્યકિત ગંભીર રીતે ઘાયલ હોય તો વ્યકિત તેને બચાવવા કોઈના કોઈ રીતે પ્રયત્ન કરે અને કપડા પર લોહીના ડાઘા પડે પણ આરોપીના કપડા પરથી આવા કોઈ ડાઘ મળ્યા નથી કારણ કે તેણે બચાવાનો પ્રયાસ નહી પરંતુ ઈજાઓ કરી છે. જયારેત્રાહીત હુમલો કરી ભાગે ત્યારે માણસ ગભરાયેલો હોય પરંતુ લોકો સ્થળ પર પહોંચે ત્યારે આરોપી ઉશ્કેરાયેલો હતો. સરકારી વકીલ જીજ્ઞેશ જોષીની દલીલો તેમજ પુરાવાઆને ધ્યાને લઈ કોર્ટે આરોપી દિપકને ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૨ ના ગુન્હા સબબ આજીવન સખત કેદની સજા ફટકારી હતી. આ ઉપરાંત આરોપીને એક હજારનો દંડ અને આરોપી દંડ ન ભરે તો વધુ ૬ માસની કેદની સજાનો પણ આદેશ કર્યો છે.

સમર્થનમાં રેલી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રમુખ નૈલેષભાઈ શાહ, ગાં. શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, પૂર્વ મેયર પ્રવિણ પટેલ, મહેન્દ્રસિંહ રાણા, પૂર્વ ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, પૂર્વ ધારાસભ્ય પૂનમભાઈ મકવાણા, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, ભાજપ મહિલા આગેવાન હિનાબેન પટેલ, પૂર્વ ચેરમેન ગુડા અશોકભાઈ ભાવસાર, સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, ડે. મેયર નાઝાભાઈ ઘાંઘર, કાઉન્સીલરો પ્રવિણાબેન વોરા, બરખાબેન જહા, નીલાબેન શુકલ, પ્રવિણાબેન દરજી, પ્રણવ પટેલ, પ્રીતિબેન દવે, નીતિનભાઈ પટેલ, કાર્તિક પટેલ, પૂર્વ કાઉન્સીલર સુરેશ મહેતા, નારદીપુરના સરપંચ રાજુભાઈ પટેલ, સામાજિક અગ્રણી હેમરાજભાઈ પાંડલિયા, કેતનભાઈ દવે સહિત મહાનગરના મહામંત્રીઓ, જિલ્લામાં સમાવિષ્ટ તમામ ભાજપા મંડળ પ્રમુખ અને મહામંત્રી, સ્વૈચ્છીક સંસ્થાઓ, કપિલેશ્વર મહાદેવ મંદિર કલોલના મહંત શ્રી, કલોલ ગુરુકુળના સ્વામીશ્રી, બોર્ડ નિગમના ચેરમેન તેમજ સંગઠનના તમામ શ્રેણીના હોદ્દેદારો, કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

માર્કીંગ કર્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વૃક્ષોને દુર કરવા માટે તંત્ર દ્વારા સર્વે હાથ ધરાયો હતો જેના અંતે શહેરમાં અંદાજિત ૩૫૦ જેટલા સુકા અને જોખમી વૃક્ષો હોવાનો પણ અંદાજ છે. જયારે આ પ્રકારના સુકા વૃક્ષો દુર કરવા માટે વનતંત્ર દ્વારા અભિયાન હાથ ધરવામાં આવશે. વરસાદી દિવસો દરમિયાન નમી પડેલા અને સુકા વૃક્ષો જમીનદોસ્ત થતા હોવાથી તંત્ર દ્વારા આ પ્રકારના વૃક્ષો દુર કરવા માટે વિશેષ ધ્યાન કેન્દ્રીત કરાયુ છે.

અન્ડરપાસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જેમાં ઘ-રોડ ઉપર ઘ-૫ તરફી ઘ-૩ તરફ જતા વાહનો ચ-૫ થઈ ચ-રોડ ઉપર થઈ જઈ શકે અને ગ-૫, ખ-૫ થઈ જઈ શકે તે પ્રમાણે ડાયવર્ટ કરવામાં આવ્યા છે. ગ – રોડ ઉપર નાના ગ-૫ થી મોટા ઘ-૫, ચ-૫ થઈ ચ-રોડ પર વાહનો જઈ શકે અને તે ખ-૫ થઈ જઈ શકે તે પ્રમાણે ડાયવર્ટ કરવા. ઘ-૩ થી ઘ-૫ તરફ આવનાર વાહનો ચ-૩ થઈ ચ- રોડ ઉપર જઈ શકે તેમજ ઘ-૩ થઈ ગ-૩ થઈ ખ-૩ થઈ જઈ શકે તે પ્રમાણે ડાયવર્ટ કરવાનું જણાવ્યું છે. ઘ-૩ થી ઘ-૫ તરફ આવનાર વાહનો ચ-૩ થઈ ચ-રોડ ઉપર જઈ શકે તેમજ ઘ-૩ થઈ ગ-૩ થઈ ખ-૩ થઈ જઈ શકે તે પ્રમાણે ડાયવર્ટ કરવા તથા ગ-૩ થી ગ-૫ તરફ આવનાર વાહનો ખ-૩ થઈ ખ-રોડ પર વાહનો જઈ શકે તેમજ ઘ-૩ સર્કલ થી ચ-૩ સર્કલ થી ચ-રોડ ઉપર જઈ શકે તે પ્રમાણે ડાયવર્ટ કરવાના રહેશે.

એનપીઆર

● અનુસંધાન પહેલાનું ચાલુ

વસ્તી ગણતરી માટે એપ બનાવવામાં આવ્યું છે. જેમાં બધી માહિતી એકત્ર થશે અને તેમાં કોઈ બાયોમેટ્રીક આપવાની એટલે કે અંગૂઠાની છાપ આપવાની જરૂર નથી. એકત્ર માહિતીનો ઉપયોગ સરકારી યોજના લાભ માટે પણ થશે. એનપીઆરની કામગીરી માટે કેબિનેટે ૮૫૦૦ કરોડના ખર્ચને પણ મંજૂરી આપી હતી. જો કે સીએએ અને એનઆરસીની જેમ એનપીઆરની સામે પણ વિરોધ શરૂ થયો છે. તેમણે જણાવ્યું હતું કે આઝાદી પછીની આ ૮મી વસ્તી ગણતરી છે. છેલ્લે ૨૦૧૦માં યુપીએના શાસનમાં વસ્તી ગણતરી હાથ ધરાઈ હતી.

પોસ્ટને મંજુરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કામ કરશે. ૧૯૯૯ના કારગિલ યુદ્ધને ધ્યાનમાં લઈને દેશની સુરક્ષા વ્યવસ્થામાં ખામીઓની સમીક્ષા કરવા માટે બનાવવામાં આવેલી સમિતિએ સંરક્ષણ મંત્રીના એકીકૃત સૈન્ય સલાહકાર તરીકે સીડીએસની નિમણૂંકની ભલામણ કરી હતી. આનો સૌથી વધારે ફાયદો યુદ્ધના સમયે થશે.

હેમંત સોરેન

● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૫ સીટો જ મળી શકી છે. બીજેપીની સહયોગી AJSU ગત વિધાનસભામાં માત્ર ૮ સીટો પર લડીને ૫ સીટો કબ્જે કરવામાં સફળ રહી હતી, જ્યારે આ વખતે તે ૫૩ સીટો પર લડીને માત્ર ૨ સીટો જ પોતાના નામે કરી શકી છે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ

પર્યાવરણ ભવન, સેક્ટર-૧૦એ, વડી કચેરી, ગાંધીનગર

ગુ.પ્ર.નિ. બોર્ડ, વડી કચેરી ગાંધીનગર ખાતેની નવી બિલ્ડીંગમાં કેન્ટીન કાર્યરત કરવા અંગેની જાહેર નિવિદા

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, વડી કચેરી, ગાંધીનગર ખાતે નવી બિલ્ડીંગમાં કેન્ટીન કાર્યરત કરવાની હોવાથી, આવી કામગીરી કરવા માટે રસ ધરાવતા એજન્સીઓએ બોર્ડની વડી કચેરી, ગાંધીનગર ખાતેથી નીચેની વિગતોએ ટેન્ડર ફોર્મ મેળવી નિયત સમયમર્યાદામાં આર.પી.એ.ડી. પોસ્ટથી અથવા રૂબરૂમાં કચેરીને મળી જાય તે રીતે પહોંચાડવાના રહેશે.

(૧) ટેન્ડર ફોર્મ ફી રૂ. ૧૫૦૦/- (નોન રીફંડેબલ) બોર્ડના નામના રાષ્ટ્રીયકૃત બેન્કના ડી.ડી.થી
(૨) ટેન્ડર મેળવવાનો સમયગાળો તા. ૧/૧/૨૦૨૦થી તા. ૭/૧/૨૦૨૦ (સવારના ૧૧:૦૦ કલાકથી સાંજના ૫:૦૦ કલાક સુધી)
(૩) ટેન્ડર ભરીને પરત પહોંચાડવાની તા. ૧૦/૧/૨૦૨૦ના રોજ સાંજના ૪:૦૦ વાગ્યા સુધી.
(૪) પ્રિ-બીડ મીટીંગ તા. ૮/૧/૨૦૨૦ સાંજના ૩:૦૦ થી ૪:૦૦ કલાક
(૫) ટેન્ડર ખોલવાની તા. ૧૬/૧/૨૦૨૦ ના રોજ સાંજના ૩:૦૦ કલાકે.

ટેન્ડર ભરનાર એજન્સીના પ્રતિનિધિઓને અચૂકપણ હાજર રહેવા જણાવવામાં આવે છે.

સ્થળ : ગાંધીનગર
તા. :
(એન. એમ. તાભાણી)
સભ્ય સચિવ
માહિતી/૧૮૮૪/૧૯-૨૦

જાહેરનામું

મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૧૦/૧૨/૨૦૧૯

જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)

જિલ્લો : અરવલ્લી

ક્રમાંક : અમ-૨૦૧૯-૭૫૧-મ-જઅવ-૧૭૧૮-૧૧૮૧-ચ

ગુજરાત સરકાર દ્વારા જાહેર હેતુ માટે જમીન સંપાદનના સંબંધમાં કેન્દ્ર સરકારના જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિકાર અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ના હેઠળ ભારત સરકાર દ્વારા રાજ્ય સરકારને જમીન સંપાદનમાં સંબંધમાં કાર્યો સુપ્રત કરવામાં આવેલ છે. જ્યારે ગુજરાત સરકારને લાગે છે કે નીચે આપેલ અનુસુચિમાં ઉલ્લેખિત જમીનની જરૂરિયાત વાત્રક યોજનાની જમણાકાંઠા નહેરની ટેઈલ એક્સટેન્શન ડીસ્ટ્રીબ્યુટરીની સાંકળ ૯૫૭૦ મી. થી ૧૦૫૩૦ મી.નો પ્રોજેક્ટ જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે. અને જ્યારે ગુજરાત સરકાર, મહેસુલ વિભાગના જાહેરનામા નં. અમ/૨૦૧૯/૧૫૭/મ/જઅવ/ ૧૭૧૮/ ૧૧૭૧/ચ, તા. ૧૪/૨/૨૦૧૯ના રોજ કાયદા અનુસાર પ્રકાશિત કર્યા હતા. તે જાણ કરવામાં આવી હતી કે, શિડ્યુલમાં ઉલ્લેખિત જમીનોની જરૂરિયાત જાહેર હેતુ માટે અને ગુજરાત જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકારનો અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૫ હેઠળ નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ, વાત્રક અને અન્ય યોજના હિંમતનગરના રીપોર્ટથી સંતુષ્ટ છે જે જણાવે છે કે, અનુસુચિ મુજબ કહેવાતી જમીનોને સંપાદિત કરવાની જરૂર છે.

આથી ઉક્ત અધિનિયમની કલમ-૧૯ની જોગવાઈ હેઠળ એ જાહેર કરવામાં આવે છે કે, ઉપર ઉલ્લેખિત જાહેર હેતુ માટે જમીનો ગામ વાત્રકગઢ (ગઢકંપા), તાલુકા બાયડ, જી. અરવલ્લીની કુલ-૩-૪૦-૯૦ હે.આરે.ચો.મી.ની જરૂર છે.

કોઈપણ કુટુંબ જમીન સંપાદનના કારણે વિસ્થાપિત નથી થઈ રહ્યું અને તેથી કોઈપણ પુનઃસ્થાપન વિસાતરની જરૂર નથી.

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ના કલમ-૩ (જી) હેઠળ નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ, વાત્રક અને અન્ય યોજના હિંમતનગરને આથી કહેવાતી જમીન સંપાદનની ભવિષ્યની પ્રક્રિયાઓ માટે કલેક્ટરના બધા કાર્યો કરવા માટે નિયુક્ત કરવામાં આવે છે.

જમીનન નકશાનું નિરીક્ષણ કોઈપણ કામના દિવસે નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ, વાત્રક અને અન્ય યોજના હિંમતનગરની ઓફીસમાં કરી શકાશે.

અનુસૂચિ

જિલ્લો : અરવલ્લી તા. બાયડ ગામ : વાત્રકગઢ (ગઢકંપા)

અ.નં.	જુ.સ.નં.	નવો સ.નં.	સંપાદિત થથી જમીનનું ક્ષેત્રફળ
૧	૯૬/૧	૨૫૨	૦-૧૧-૩૪
૨	૯૬/૨	૨૫૪	૦-૩૦-૮૮
૩	૯૬/૩	૨૫૧	૦-૧૪-૩૦
૪	૯૯/૧ પૈકી ૩	૨૬૩	૦-૦૭-૧૨
૫	૯૯/૧ પૈકી ૧	૨૭૨	૦-૦૭-૨૦
૬	૯૯/૧ પૈકી ૨	૨૬૨	૦-૦૭-૨૦
૭	૯૯/૨	૨૬૪	૦-૨૩-૦૪
૮	૯૯/૩	૨૬૬	૦-૨૫-૬૪
૯	૯૯/૪ પૈકી ૧	૨૭૫	૦૧૨-૩૭
૧૦	૯૯/૪ પૈકી ૨	૨૭૪	૦-૧૨-૩૭
૧૧	૧૦૩/૧	૨૭૬	૦-૨૧-૮૫
૧૨	૧૦૩/૨	૨૭૭	૦-૩૫-૨૫
૧૩	૧૦૩/૩	૨૭૮	૦-૫૯-૬૦
૧૪	૧૦૨/૧	૨૭૯	૦-૨૩-૭૫
૧૫	૧૦૨/૨	૨૮૨	૦-૨૪-૩૭
૧૬	૧૦૨/૩	૨૮૧	૦-૧૭-૧૦
૧૭	૧૦૨/૪	૨૮૦	૦-૦૭-૫૨

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-
(એચ. જે. રાઠોડ)
સરકારના ઉપસચિવ

નામાનિ/હિંમત/૩૫૯/૧૯